**REDEX PROTECH LIMITED**

| +91 79 2970 0120
| admin@yashglobal.co.in
| www.yashglobal.net
CIN : L45100GJ1991PLC016557

**Date: 30.01.2021**

To,
Gen. Manager (DCS)
BSE Limited.
P J Towers, Dalal Street,
Fort, Mumbai-400001

**SUB: INTIMATION OF ADVERTISEMENT IN NEWSPAPER UNDER REGULATION 47 OF SEBI (LISTING OBLIGATIONS AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS 2015.**

**REF: COMPANY CODE BSE: 523650 (REDEX PROTECH LIMITED)**

Dear Sir,

Please find enclosed herewith copy of **Advertisement given in newspaper of unaudited financial results for the quarter and nine month ended on 31st December, 2020** in compliance of Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The said financial results were reviewed by Audit committee and approved by the Board of Directors at its meeting held on **Friday, 29th January, 2021**.

You are requested to take the same on your record.

Thanking You.

Yours Sincerely,

**FOR, REDEX PROTECH LIMITED**

REDEX PROTECH LIMITED A HD.

**MR. SANDEEP PANCHASARA**
**AUTHORISED SIGNATORY**

# CHANAKYA
NI POTHI

Ahmedabad 30-01-2021

## DoT, Dipam lock horns over real estate asset valuation of BSNL-MTNL

The asset monetisation process of Bharat Sanchar Nigam Ltd (BSNL) and Mahanagar Telephone Nigam Ltd (MTNL) has hit another roadblock, with the Department of Telecommunications (DoT) and the Department of Investment and Public Asset Management (Dipam) locking horns over the valuation of the real estate assets.

It is learnt that the valuation done by the two companies is much higher than the one arrived at by the transaction advisors. "There is a significant difference between the valuation of assets done by BSNL and MTNL and the transaction advisors," a top government official told.




In July 2020, the Dipam had roped in consultants CBRE, JLL and Knight Frank as transaction advisors to carry out the exercise of selling BSNL and MTNL's land assets worth Rs 37,500 crore. The plan is part of the government's nearly Rs 70,000 crore relief package for the two cashstrapped public sector companies.

BSNL, MTNL and the transaction advisors have now been asked to reconcile their valuations by applying the standard methodologies and the assumptions associated with them.

"The assets under monetisation have various issues and encumbrances associated with them — for example, seeking the removal of a designation, reservation, encroachment, mutation, change of land use and so on," said the official quoted above.

Sources say that many of the assets would require their land use to be changed to get the best sale value. BSNL and MTNL have reportedly started the process of change of land use by submitting their applications to the respective authorities.

BSNL and MTNL had initially shortlisted as many as 14 properties for sale. Later, DoT decided to sell four of these, out of which two were found to be undervalued. Hence, DoT decided not to go ahead with their auction.

DoT is of the view that some properties were valued below the circle rates in their respective states. "We were not keen on selling those assets below the circle rate prevalent in that particular state," said a DoT official.

However, properties where the valuation differences have been reconciled to a reasonable level, can be taken up for further steps in the monetisation process.

Usually, the valuation of the property is done by the companies as well as a consultant, and the final value is arrived at after assessing the two rates.

The DIPAM is believed to have instructed BSNL and MTNL to resolve the differences over valuations and, if necessary, take the help of external agencies such as state governments, municipal other administrative authorities.

The department also feels that restrictions — such as a property should be freehold and not on lease for it to be offered for sale by the Union government — should be removed for achieving the best value out of the asset monetisation exercise.

In October 2019, the government had approved a revival package of nearly Rs 70,000 crore for both BSNL and MTNL. Monetising real estate assets worth Rs 37,500 crore is part of the overall relief package that would be used to retire debts, upgrade networks and offer a voluntary retirement scheme (VRS) aimed at reducing the two companies' employee strength by half.

The real estate assets of BSNL and MTNL include land as well as buildings that are rented or leased. MTNL has around 29 retail outlets in Delhi alone.

## Bharti Airtel steals a march on 5G rivals, conducts live testing of service

Exhibiting its 5G prowess, Bharti Airtel on Thursday announced that it had successfully conducted a live demonstration of 5G service over a commercial network in Hyderabad city.

The company said the full impact of the 5G experience would be available to Airtel customers when adequate spectrum is available and government approvals received.

Gopal Vittal, managing director and chief executive officer of Bharti Airtel, said, "Every one of our investments



is future proofed as this game-changing test in Hyderabad proves. With Airtel being the first operator to demonstrate this capability, we have shown again that we have always been the first in India to pioneer new technologies in our quest for empowering Indians everywhere."

The demonstration in Hyderabad was conducted over an existing liberalised spectrum in the 1800 megahertz (MHz) band.

Vittal said India has the potential to become a global hub for 5G innovation and this would require the coming together of the ecosystem — applications, devices, and network innovation. He added that Airtel was "more than ready" to do its bit.

The company seamlessly operated 5G and 4G concurrently within the same spectrum block.

Though Airtel has started testing 5G services, the spectrum for this has been kept out of the auctions proposed to be held in March.

Earlier this month, the Department of Telecommunications (DoT) released a notice inviting applications for spectrum auctions in seven bands — 700 MHz, 800 MHz, 900 MHz, 1800 MHz, 2100 MHz, 2300 MHz, and 2500MHz. The bidding is scheduled to begin on March 1.

Last month, the Union Cabinet approved a proposal for the auction of 2,251.25 MHz of spectrum worth Rs 3.92 trillion at the base price.

Telecom operators will need to submit applications for participating in the auction by February 5.

## Homegrown players score high on TikTok's exit from Indian market

Short video app TikTok's exit from the Indian market has meant opportunity for local players like ShareChat's Moj, MX Player's TakaTak, and also for larger tech companies' short video products such as Instagram Reels and YouTube Shorts.

As of Thursday, top free apps on Google's Play Store in India were Moj, TakaTak, Snacky Takatak, Snapchat and Instagram.

According to a report by RedSeer Consulting in December 2020, "Short-form: Rising Amidst Cluttered Content Space", Dailyhunt's Josh, InMobi's Roposo and Times Internet-owned MX TakaTak were the market leaders.

"Content consumption in India is growing faster than global growth. Users in India need free and bite-sized entertainment, which is not offered by over the top," said Ujjwal Chaudhry, associate partner at RedSeer Consulting. "OTT needs a high attention span and is focused on diverse genres like drama, sports, etc. Plus, a wide gap exists between free and paid OTT users, implying need for low-cost entertainment. All these indicate a strong need-gap for the short-form."

Chinese firm ByteDance-owned TikTok managed to onboard over 400 million users in India since its launch in 2017, helped by its regional focus and artificial intelligence algorithms that served personalised content.

"TikTok created the industry and after the ban on it, new Indian players like Josh, Roposo and MX TakaTak have grown multifold. We have seen a resurgence in the sector," said Chaudhry. "As players increase their content quality further, users and retention would increase, resulting in more than 4X increase in the time spent."

MX Player's MXTakaTak had 120 million app installs in December, up from 26 million in July. The firm is engaging with content creators in different ways. For instance, it launched a Rs 100-crore creator fund to provide incentives to users for creating engaging content on the short video app, and also held a collaborative content creation event called Fame House in October last year.

"The creators had to find a new home (after the TikTok ban). We are also investing on the technology side. The recommendations and targeting system of the app has to be really robust," said Karan Bedi, CEO, MX Player.

It is also ensuring that the quality of content on its platform is not problematic, an issue that caused TikTok to run into trouble with Indian authorities and other governments several times. MX TakaTak is using a mix of machine learning and manual monitoring to weed out undesirable content on the platform.

"We are in conversations with a number of brands and agencies but we're going to take a more measured approach to monetisation," added Bedi.

Another player that has amassed a vast following in the last six months is Moj. It was launched on July 1 last year, just three days after the Indian government banned TikTok and 58 other apps over issues of national security following tensions with China along the border in eastern Ladakh.

Moj has 80 million monthly active users, and claims to be the fastest to cross 100 million downloads in under 200 days. The app's daily active user spend is 34 minutes. "Our success can be attributed to our superior product design. Moj offers powerful creative tools backed by a vast music library with licensed content, advanced camera filters and special effects to create highly engaging original content," said Berges Malu, Director, ShareChat.

## Maruti Suzuki Q3 net profit zooms 24% to Rs 1,941.4 crore on higher sales

India's largest carmaker Maruti Suzuki on Thursday reported a 24 per cent year-on-year (YoY) rise in net profit to Rs 1,941.4 crore for quarter ended December 31 (Q3) of financial year 2020-21 (FY21).

However, operating margins contracted by 70 basis points (bps) to 9.5 per cent, compared with 10.2 per cent in the corresponding period last year, because of a 31.29 per cent increase in raw material cost and 9 per cent rise in other expenses.

The firm said it has limited capability to rai-se prices, despite a steep increase in prices of co-m-modities, as de-mand is remains uncertain.

The commentary ca-me as analysts quiz-zed the management on weak margins, despite the increase in sales volume.

"We need to be careful about the extent of price hike so that we don't hit demand. I know all of you are concerned about the bottom line, but we have to take care of the top line, too," said Shashank Srivastava, executive director — sales.

Since January 10, Maruti has increased the price of vehicles across segments citing a rise in input costs. Raw material prices are hardening with the full impact of cumulative increases to be felt in Q4. Steel, aluminium, copper, and rubber — key inputs for the auto industry — are all headed northward.

Industry data shows that while the compound annual growth rate (CAGR) of passenger vehicle (PV) sales stood at 12.9 per cent for the five-year period between March 2005 and March 2010, it fell sharply to 1.3 per cent between FY15 and FY20. Between FY10 and FY15, it rose 5.9 per cent.

In fact, the CAGR for PV sales between 2000 and 2010 stood at 10.3 per cent and between 2010 and 2020 it was 3.6 per cent. Clearly, the growth rate has slowed over the past decade, more so over the past five years. Though car sales are closely related to gross domestic product (GDP) growth, PV sales have suffered despite decent growth.

The company said that besides price incr-ease, it has initiated many other cost control measures to offset the increase in production cost. The company's net sales in Q3 increased by 13.28 per cent YoY to Rs 23,457.8 crore.

## PSU privatisation: Govt to amend security clearance policy for investors

To tighten the noose on investment from bordering countries, the government is set to amend its security clearance policy for investors participating in privatisation or strategic divestment in public sector undertakings (PSUs).

The security committee that gives clearance to the highest bidder (H1) in privatisation or strategic divestment is set to mandate security approval for all entities participating in financial bidding and not just the highest bidder, which is the practice now, according to a top government official. The proposal is to bring security clearance in line with the government's foreign direct investment policy, which was tweaked to curb hostile takeovers of Indian companies by Chinese investors amid the pandemic.

The changes are being proposed to obviate situations when a highest or successful bidder fails the security clearance in the case of investment from China or other bordering nations on grounds of national security. This hampers the privatisation process.

The security committee, chaired by Department of Investment and Public Asset Management (Dipam) Secretary Tuhin Kanta Pandey, is considering the amendment and has members from other ministries.

According to the proposal, all entities participating in financial bidding, which is the second stage in strategic divestment, will be vetted.

Security clearance will be done before opening the bids, and the bidders that do not meet the security criteria will not be part of the process, said the official quoted above. The disqualified entities' bids will not be opened, he added.

chartAccording to current rules, the administrative ministry under which the PSU concerned falls approaches the security committee for clearance of the highest bidder.

After security clearance is received, details including the name of the highest bidder, the price quoted by it, and the terms and conditions in the share-purchase agreement are placed before the Core Group of Secretaries on Divestment (CGD), headed by the cabinet secretary. The CGD then makes recommendations to the Cabinet Committee on Economic Affairs. If H1 fails to get security clearance, the CGD can give the option to the next highest bidder (H2) for matching the bidding price of H1.

"It's always not possible that the second-highest bidder will match the price offered by the highest bidder," the official said. This would then derail the privatisation process.

The changes will be approved and implemented in a month as the government starts receiving financial bids for privatising Bharat Petroleum Corporation, Shipping Corporation of India, Air India, etc.

## Hindustan Zinc plans to increase earnings through diversification

With marketing plan for every new minor metal being chalked out, Hindustan Zinc, the country's only integrated zinc producer, will have its cadmium metal unit up and running by the first quarter of FY22.

"We have strong plans in the minor metals space, which will not just help the company in diversification, but also yield incremental earnings amid converting the waste into wealth," Arun Misra, chief executive officer at Hindustan Zinc, told. The company is seeing ample scope for backward integration and, hence, is planning to utilise byproducts such as slugs or residues that the smelters produce into ancillary products.

"There are teams dedicated to creating technologies, which can help bring into the portfolio products such as cobalt, nickel, copper, and also sulphuric acid needed for fertilisers. There is an in-house R&D that continuously looks into this aspect," said Misra.

Currently, Hindustan Zinc produces refined silver, recovered as a by-product of its zinc-lead facility.

"The cost of setting up the planned cadmium unit will pay back in five months. Similarly, other minor metals that are being planned to get added to the portfolio will have different payback timelines. Eventually, the minor metal vertical alone is expected to create \$200-\$250 million (Rs 1,462-1,827 crore) incremental value to the company's existing Ebitda (earnings before, interest, taxes, depreciation, and ammortisation)," Misra said.

In the December quarter, the company's Ebitda stood at Rs 3,314 crore, up 45 per cent on year-on-year (YoY) basis and up 12 per cent sequentially on account of higher revenue and well managed operating costs. While the company remains engaged in chalking out marketing plans for its minor metals, it is open to both domestic as well as export markets to sell its ancillary products.Meanwhile, the company will also continue to lay thrust on reducing its cost of production further, in a bid to enhance its overall Ebitda.

In the quarter gone by, Hindustan Zinc saw its cost of production come to \$946 per tonne, well below the \$1,000 per tonne mark."There is potential for another 3-4 percent reduction in cost of production and to that extent we are expecting the southward movement in this space to continue in coming quarters," explained Misra.

## IDBI Bank posts net profit of Rs 378 cr in Q3

Private sector lender IDBI Bank posted net profit of Rs 378 crore in the third quarter ended December 2020 (Q3FY21), aided by a rise in net interest income.

This is the fourth consecutive quarter of profit for the lender. It had booked net loss of Rs 5,763 crore in Q3FY20. Its stock closed 2.17 per cent higher at Rs 28.3 per share on the BSE.

Net interest income rose 18 per cent to Rs 1,810 crore over Q3FY20, while net interest margin (NIM) improved by 60




basis points to 2.87 per cent in the quarter. Deposits grew from Rs 2.18 trillion in Dece-mber 2019 to Rs 2.24 trillion.

The bank, which is under the Reserve Bank of India's Prompt Corrective Action regime, faces restrictions on lending to corporates and is ramping up retail and SME loan book. However, its total advances shrunk 7 per cent from Rs 1.72 trillion in December 2019 to Rs 1.59 trillion in December 2020.


## REDEX PROTECH LIMITED

**CIN - L31100GJ1991PLC016557**

**Corporate Office : Parshwanath Business Park,Near Prahladnagar Garden,Satellite, Ahmedabad PH: 079-29700120**

**EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTH ENDED ON 31.12.2020**

(Rs. in Lacs)

| Sr. no | PARTICULARS | Quarter ended on 31st December, 2020 | For the nine month ended on 31st December, 2020 | Corresponding 3 Months Ended on 31st December, 2019 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 8.18 | 18.86 | 8.34 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | -1.44 | -5.51 | 1.83 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | -1.44 | -5.51 | 1.83 |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | -1.39 | -5.25 | 1.91 |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | -1.39 | -5.25 | 1.91 |
| 6 | Equity Share Capital | 672.12 | 672.12 | 672.12 |
| 7 | Reserves ( excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year | | | |
| 8 | Earnings Per Share ( of Rs. 10 / - each ) (for continuing and discontinued operations) | | | |
| | Basic : | -0.02 | -0.08 | 0.03 |
| | Diluted : | -0.02 | -0.08 | 0.03 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.redexprotech.com)
2. The result of the Quarter ended on 31st December, 2020 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 29th January, 2021.

**By Order of the Board of Directors**
**For, Redex Protech Limited**
SD/-
**Mr. Gnanesh Bhagat**
**Managing Director**
**DIN - 00115076**


**Place : Ahmedabad**
**Date : 29/01/2021**

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૭ અંક : ૧૨૭ તા. ૩૦-૦૧-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

**તદ્દન ફ્રી**


staffavailable.com


# નાણામંત્રી દ્વારા કોરોના સેસ જાહેર કરવામાં આવે તે સંભાવના

આખરે ૨૦૨૧નું બજેટ હવે ડ્યૂ છે અને આ અંક તમારા હાથમાં આવશે તે પછી ૧લી ફેબ્રુઆરીએ બજેટ જાહેર થશે. કોરોના મહામારી પછી ભારતીય અર્થતંત્રમાં તીવ્ર ઘટાડો જોવાયો હતો અને તાજેતરના વર્ષોમાં સૌથી વધારે ઘટાડો જીડીપીમાં ગયા વર્ષ દરમ્યાન જોવાયો છે અને મહામારીને કારણે રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ ખૂબ જ નાજૂક છે અને તેવા સમયમાં આ બજેટ દ્વારા કોરોના મહામારીની આસપાસ મહત્ત્વના પગલાઓ લેવામાં આવે તેવી ગણતરી છે અને હેલ્થ સંબંધિત મુદ્દાઓને અને વેક્સિન લગાડવાના બોજાને આવરી લેવામાં આવે અને સાથે સાથે જે સેક્ટરોને સૌથી

## બેરોજગારી ઘટાડવા માટેના પગલા આવે તેવી સંભાવના મજબૂત






વધારે અસર થઈ છે તેવા હોટલ અને રેસ્ટોરન્ટ, રીટેઈલ, એવીએશન સેક્ટરને ખાસ રાહતો આપવામાં આવે તે સંભાવના મજબૂત લાગે છે. અને સ્વાભાવિક છે કે નાણાપ્રધાન પાસેથી આ અંગેની અપેક્ષાઓ ખૂબ જ વધારે હોય.

સીધા કરવેરા અને આડકતરા કરવેરા અંગે નાણામંત્રીએ ગયા બજેટમાં એડમીનીસ્ટ્રેશન અંગે મહત્ત્વના સુધારાઓ જાહેર કર્યા હતા અને તેથી તે અંગે કોઈ નોંધપાત્ર જાહેરાતો આવે તેવી સંભાવના નથી. કેવળ ઈ-એસેસટમેન્ટને વધારે મજબૂત કરવા અંગેની જાહેરાત આવશે. પરંતુ મુખ્યત્વે આ વખતે પ્રોડક્શન લિંક ઈન્સેન્ટીવ વગેરે જાહેરાતો સાથે ઉત્પાદનને વધારવા માટે અને બેરોજગારી ઘટાડવા માટેના પગલા આવે તેવી સંભાવના મજબૂત છે. સાથે સાથે સોશિયલ સેક્ટર, મનરેગા, શિક્ષણ, કિફાયતી હાઉસીંગ અને હેલ્થ મંત્રાલય વગેરે માટે ખાસ એલોકેશન આવવાની સંભાવના છે. મહામારી પછી મનરેગાએ ગ્રામ્ય ભારતને મોટી રાહત આપી હતી અને તેથી આ વખતના બજેટમાં મનરેગા માટેનું એલોકેશન વધારાય તેમજ કિફાયતી હાઉસીંગ દ્વારા અર્થતંત્રને ઊંચકવાનો પ્રયત્ન થાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

રસી અંગે સરકારની તિજોરી ઉપર બોજો પડ્યો છે અને તેથી આ વખતે બજેટમાં નાણામંત્રી દ્વારા કોરોના સેસ જાહેર કરવામાં આવે તે સંભાવના ખૂબ મોટી છે. ગયા વર્ષે એલઆઈસી, બીપીસીએલ વગેરેનું ડિસઈન્વેસ્ટમેન્ટ વિવિધ કારણોસર થઈ શક્યું નથી અને તેથી તે ડિસઈન્વેસ્ટમેન્ટ અને આઈપીઓ આ વર્ષમાં પૂરા કરાય અને તેથી ગયા વર્ષ કરતા પણ ઘણું વધારે એવું ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્યાંક આ બજેટમાં જાહેર થાય અને તે રીતે આવક અને જાવકના બે પાસાને સરખા કરીને દર્શાવાય તેવી ગણતરી છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન બિનકરવેરાની આવકો એકંદરે નિરાશાજનક રહી હતી. પરંતુ આ વર્ષે બિનકરવેરાની આવકો હવે નોર્મલ લેવલે આવતી જાય તે સંભાવના મજબૂત છે અને તેથી આ વખતના બજેટમાં તે અંગે લક્ષ્યાંક વધારાય તેવી ગણતરી છે. સને ૨૦૨૦-૨૧ દરમ્યાન જીડીપીની ખાધ ૭.૬ ટકા આસપાસ રહેવાનો અંદાજ છે. જ્યારે બજેટમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૫.૨ ટકા આસપાસની ખાધનો અંદાજ મૂકવામાં આવે તે સંભાવના વધારે દેખાય છે. અને એકંદરે કેન્દ્ર સરકાર દ્વારા નવા વર્ષમાં બોન્ડ ઈશ્યૂ દ્વારા જંગી ભંડોળ ઊભું કરવાની કવાયત થશે. અને તે રીતે આવક અને જાવકનો હિસાબ સરખો કરાશે.

બીજી તરફ અમેરિકામાં નવા પ્રમુખ દ્વારા જંગી સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કરાય તે સંભાવના છે અને તેથી તેને કારણે ભારતીય અર્થતંત્ર અને ભારતીય શેરબજારમાં ખૂબ જ મોટા પાયે વિદેશી ભંડોળ આવવાનું ચાલુ રહેશે અને તેથી રૂપિયા અંગે અન્ય કોઈ પાસાની સંભાવના નથી પરંતુ આ વખતે બજેટમાં સોલર એનર્જી અંગે ખાસ જાહેરાતો આવે અને ઈલેક્ટ્રીક વાહનો અંગે પણ મોટા પ્રોત્સાહનો આવે તેવી ગણતરી છે. ટેસ્લા દ્વારા ભારતમાં ઓફિસ શરૂ કરવાની જાહેરાત કરી દેવાય અને તાતા ગ્રૂપના સહયોગમાં ટેસ્લા વાહનોનું ઉત્પાદન શરૂ કરે તેવી ગણતરી છે અને તેથી ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન મળે તે માટે ખાસ જાહેરાતો આવે તો પણ નવાઈ નહીં લાગે.

આ ઉપરાંત ઓટોમોબાઈલ સેક્ટર અને ખાસ કરીને કોમર્શીયલ વાહનોને બળ મળે તે માટે જૂના વાહનોને ભંગારમાં લઈ જવા માટેની રૂપરેખા પણ અપેક્ષિત છે. એમ પણ સરકારે બજેટ અગાઉ કેટલીક પ્રોડક્ટો ઉપરની આયાત ડ્યૂટી વધારી દીધી છે અને તેથી તેના દ્વારા સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે તે સંભાવના દેખાય છે. જ્યારે જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ધિરાણ વૃદ્ધિદર આપવામાં આવે અને બેંકોનું રી-કેપીટલાઈઝેશન સરળ બને તે માટે બેંકિંગ હોલ્ડિંગ કંપનીની સ્પષ્ટ જાહેરાત આવે અને કાયદામાં સુધારો કરવામાં આવે તેવી ગણતરી છે.

મૂડીબજાર માટે લાંબાગાળાના મૂડીનફા અંગે ઈન્ડેક્સેશનમાં રાહતોની સંભાવના દેખાય છે. આ ઉપરાંત ડિવિડન્ડ આવકમાં વાર્ષિક રૂા. ૨થી ૩ લાખ સુધી કર ન લાગે અને ફ્યુચર અને ઓપ્શન સોદાઓ ઉપર ટેક્ષની જોગવાઈઓ અંગે સ્પષ્ટતા આવે તે સંભાવના ખૂબ મજબૂત છે. આમ એકંદરે બજેટના આગલા અઠવાડિયા દરમ્યાન બજારમાં જે રીતે અનિશ્ચિતતાને કારણે મોટો ઘટાડો જોવાયો હતો તે પછી બજેટની અનિશ્ચિતતા દૂર થતા નવા અઠવાડિયાથી ધીરે ધીરે બજાર સુધરવાનું શરૂ થાય તેમ લાગે છે.

સામે પક્ષે એક અન્ય પાસું સ્પષ્ટ રીતે સમજવું રહ્યું કે શેરબજાર હંમેશાં કોઈ પણ ઘટના બને તેનાથી આગળ ચાલતું હોય છે અને તેથી અત્યારે કંપનીઓના જે પરિણામ આવી રહ્યા છે તે પરિણામોનો અંદાજ મૂકીને છેલ્લા થોડા અઠવાડિયા દરમ્યાન શેરબજાર અને અસંખ્ય શેરો ઝડપથી ઊંચકાયા હતા અને હવે જ્યારે વાસ્તવિક રીતે તે પરિણામો આવી રહ્યા છે ત્યારે અનેક શેરોમાં ઉછાળાનો દર ધીમો પડી જાય તે સંભાવના મજબૂત છે. તેમ છતાં અનેક એવા શેરો પણ છે કે જેમાં રીરેટીંગની જગ્યા છે અને તેથી ઈન્ડેક્ષ ખાસ ન વધે પરંતુ સ્ટોક સ્પેસિફિક તેજી ચાલુ રહે અને સાથે-સાથે આઈપીઓનું બજાર પણ ગરમ રહે તેવો અંદાજ ફેબ્રુઆરી અને માર્ચ મહિના માટે અત્યારે અમે મૂકી રહ્યા છીએ.

ઓટોમોબાઈલ શેરોએ છેલ્લા છ અઠવાડિયા દરમ્યાન ખૂબ સુંદર ઉછાળો બતાવ્યો એમાં પણ **તાતા મોટર્સ**ના શેરે ઈન્વેસ્ટરોને એકદમ ખુશ કરી નાખ્યા હતા. અને અત્યારે પણ તાતા મોટર્સ સુંદર ઉછાળા સાથે રૂા. ૨૭૫ ઉપર ચાલી રહ્યો છે તેમ છતાં એ ન ભૂલવું જોઈએ કે બજેટમાં કોમર્શીયલ વાહનો અને ઈલેક્ટ્રીક વાહનો અંગે જે અપેક્ષા છે તેનો મોટો ફાયદો આગામી સમયગાળામાં તાતા મોટર્સને મળી શકશે પરંતુ તેનાથી પણ વધારે પોઝિટિવ બાબત ટેસ્લા ભારતમાં તાતા મોટર્સ સાથે હાથ મિલાવીને પોતાની ઈલેક્ટ્રીક કાર બજારમાં મૂકવાનું શરૂ કરે તે છે. એમ પણ તાતા મોટર્સ માર્ચ, ૨૦૨૧માં પ્રિમિયમ ઈલેક્ટ્રીક કાર લોન્ચ કરી રહી છે અને આ બધા પાસાને લીધે આ શેર એકદમ ધીરે ધીરે વધીને રૂા. ૪૦૦નું લેવલ પસાર કરી દે (થોડા મહિનામાં) તો નવાઈ નહીં લાગે અને તેથી આ શેરમાં ઉતાવળ કરીને પ્રોફિટ બુકીંગની સલાહ નથી.

સામે પક્ષે **તાતા મોટર્સ ડીવીઆર**નો શેર મુખ્ય શેર કરતા હજી ઘણા ડિસ્કાઉન્ટમાં છે અને તેમાં પણ રીરેટીંગની જગ્યા દેખાય છે.

**અશોક લેલેન્ડ** રૂા. ૧૧૪ ઉપર આવી ગયો છે અને આ શેરમાં અત્યારના ભાવથી લાંબા ઉછાળાની જગ્યા નથી દેખાતી. તેમ છતાં બજેટના અમુક પ્રોત્સાહનોનો ફાયદો દેખાશે અને તેથી થોડોક ઊંચકાઈ જાય તે સ્વાભાવિક છે.

રૂા. ૫૦૨ના ભાવના **એસએમએલ ઇઝુઝુ**ના શેરમાં છેલ્લા થોડા દિવસોથી ઘટાડાનો ટ્રેન્ડ છે પરંતુ આ શેર હજી મજબૂતી દર્શાવે તે સંભાવના મજબૂત છે અને તેથી તેની ઉપર ફોકસ કરી શકાય.

રૂા. ૧૨૨૫ ઉપર પહોંચી ગયેલા **એસ્કોર્ટ્સ**ના શેરમાં પણ વેલ્યૂએશન ઘણું મોંઘું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેની જાહેરાતને કારણે એસ્કોર્ટ્સ નહિવત ઊંચકાય તે સંભાવના દેખાય છે અને કદાચ બજેટના દિવસે અને તે પછી આ શેર થોડો વધારે તૂટે અને એક તબક્કે રૂા. ૧૧૫૦ સુધી નીચો ઊતરી જાય તો પણ નવાઈ નહીં લાગે.

જ્યારે ભારત સરકાર હસ્તકની **બીઈએમએલ** એટલે કે ભારત અર્થમુવર્સ અંગે કોઈ પોઝિટિવ જાહેરાતની સંભાવના છે. શેર અત્યારે રૂા. ૯૧૩ ઉપર ચાલી રહ્યો છે અને હજી તેમાં ઘટાડાની સંભાવના છે. કોઈ જ કારણ વગર આ શેરે તાજેતરમાં રૂા. ૧૦૫૩નું ટોપ બતાવેલું.

ભારત અર્થમુવર્સનો હવાલો લાર્સન એન્ડ ટુબ્રોને સુપ્રત કરી દેવાય તો પણ નવાઈ નહીં લાગે. તેમ છતાં વેલ્યૂએશન પહેલેથી જ મોંઘું છે અને તેથી તેમાં રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી. રૂા. ૨૨૫ વાળા **ગુજરાત એપોલો ઇક્વીપમેન્ટ**ના શેરમાં લાંબો કસ નથી દેખાતો. ટૂંકી વધઘટ ઉપર જ શેર અથડાઈ જવાની ગણતરી છે.

જ્યારે રૂા. ૨૦ ઉપર ચાલતા **એચએમટી**ના શેરમાં કોઈ ડિસઈન્વેસ્ટમેન્ટલક્ષી જાહેરાત અપેક્ષિત છે અને જે રીતે ગયા વર્ષે આઈટીઆઈના શેરે તોતીંગ ઉછાળો બતાવ્યો તેવો જ તોતીંગ ઉછાળો એચએમટીના શેરમાં બેસે છે. એચએમટી પાસે બેંગ્લોરમાં વિશાળ રીયલ એસ્ટેટ પણ છે અને તેથી તે અંગે પણ ડેવલપમેન્ટની સંભાવના દેખાય છે.

કૃષિ ઈક્વીપમેન્ટનું ઉત્પાદન કરતી **વીએસટી ટીલર્સ**ના શેરમાં લાંબો કસ નથી. કૃષિ સેક્ટર માટે થોડીઘણી રાહતો અપેક્ષિત છે અને તે માટે થોડો વધે તે સ્વાભાવિક છે.

**મારૂતિ સુઝુકી**નો શેર અત્યારે રૂા. ૭૪૯૭ ચાલી રહ્યો છે અને તેમાં હજી થોડા દિવસો ઘટાડાની ગણતરી છે. બજેટને કારણે એકદમ ઝડપી ઉછાળો આવી જાય તે આશા ઓછી છે.

સામે પક્ષે ટુ-વ્હીલર શેરોમાં અત્યારે **હીરોમોટો કોર્પ**ના શેરમાં જોરદાર ફેન્સી છે. હીરોમોટો કોર્પ અત્યારે રૂા. ૩૪૭૮ ઉપર ચાલી રહ્યો છે અને તેમાં રોકાણ જાળવી રખાય. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૩૬૩૬નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે. અને તે પછી શક્ય છે કે રૂા. ૩૮૩૮નો ભાવ પણ આવી જાય.

**બજાજ ઓટો**ના શેરે તો બજેટ પહેલા જ તોતીંગ ઉછાળો બતાવી દીધો હતો. રૂા. ૪૨૩૬ થયેલા આ શેરમાં અત્યારે રૂા. ૪૧૭૪નો ભાવ ચાલી રહ્યો છે. પરચૂરણ થોડોઘણો ઉછાળો બતાવી શકે બાકી આ શેરમાં હવે પ્રોફિટ બુકીંગ શરૂ કરતા જવાય અને તેમાં શોર્ટટર્મમાં લાંબો કસ નથી દેખાતો.

બીજી તરફ **ટીવીએસ મોટર્સ**ના શેરમાં આકર્ષણ વધી રહ્યું છે. ટીવીએસ મોટર્સ અત્યારે રૂા. ૫૮૧ ઉપર ચાલી રહ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૬૫૦ના ભાવની ગણતરી છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરી શકાય.

રોયલ એનફિલ્ડ મોટરસાઈકલનું ઉત્પાદન કરતી **આયશર મોટર્સ**નો શેર અત્યારે રૂા. ૨૮૧૮ ઉપર આવી ગયો છે અને તે શેરમાં હજી પણ ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે. આવતા થોડા દિવસોમાં આ શેર રૂા. ૩૦૦૦નું લેવલ સ્પષ્ટ રીતે કૂદાવીને રૂા. ૩૦૬૩નો ભાવ બતાવશે તે નક્કી છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરી દેવાય.

**સ્કૂટર્સ ઇન્ડિયા**ના ડિસઈન્વેસ્મેન્ટ અંગે અપેક્ષા છે અને તેથી તે શેરમાં થોડો ઘણો સુધારો આવી શકે પરંતુ લાંબો કસ નથી. જે ઉછાળો એચએમટીના શેરમાં દેખાય છે તે ઉછાળો સ્કૂટર્સ ઇન્ડિયામાં નથી દેખાતો.

ટ્રેક્ટરનું ઉત્પાદન કરી રહેલી **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**નો શેર અત્યારે રૂા. ૭૬૫ આસપાસ ચાલે છે અને તે શેરમાં પરિણામો હવે ડ્યૂ છે અને તે શેરમાં ફોકસ કરી શકાય. આગામી દિવસોમાં રૂા. ૮૦૦ પ્લસના ભાવની ગણતરી.

ઓટોએન્સીલરી શેરોમાં અત્યારે લાંબો કસ નથી અને મોટા ભાગના શેરો અત્યારે ખૂબ જ ઊંચા વેલ્યૂએશન ઉપર ચાલી રહ્યા છે અને તેથી બજેટ પછી તેમાં મોટો ઉછાળો આવી જાય તેવી સંભાવના નથી દેખાતી. કેવળ ત્રણ-ચાર શેરો એવા છે કે જેમાં આવતા થોડા દિવસોમાં ઉછાળાની જગ્યા છે અને તેમાં **કિર્લોસ્કર ઓઈલ એન્જિન** ખાસ ધ્યાન ખેંચે છે. કિર્લોસ્કર ઇન્ડસ્ટ્રીઝ તરીકે ઓળખાતો આ શેર અત્યારે રૂા. ૮૫૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૯૪૨નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. તેવી જ રીતે ઓટોમોબાઈલ બેટરીનું ઉત્પાદન કરતી **એક્સાઈડ ઇન્ડસ્ટ્રીઝ** અત્યારે રૂા. ૧૯૮ ઉપર ચાલી રહ્યો છે અને તે શેરમાં આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે રૂા. ૨૧૦-૨૨૦ના ભાવની સંભાવના છે.


સ્પાર્ક પ્લગનું ઉત્પાદન કરી રહેલી **બોશ લિમિટેડ**નો શેર અત્યારે રૂા. ૧૫૭૭૨ ઉપર ચાલે છે અને તે શેર ઉપર પણ ફોકસ કરી શકાય. આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૭૦૦૦ના ભાવની સંભાવના મજબૂત છે. તેમ છતાં કિંમત ખૂબ ઊંચી હોવાને કારણે બહુ ઓછા ઈન્વેસ્ટરો તેમાં રોકાણ કરી શકશે.

આ વખતના બજેટમાં જૂના વાહનો ઉપર ગ્રીન ટેક્સ આવે તે સંભાવના ખૂબ મજબૂત છે અને તેમાં આઠ વર્ષથી વધારે જૂના વાહનો ઉપર રોડ ટેક્સના ૧૦થી ૨૫ ટકા ગ્રીનટેક્ષ લગાડાય તે સંભાવના છે. અને તેને કારણે ટ્રક ઓપરેટરોના ખર્ચમાં વાર્ષિક ધોરણે રૂા. ૧૦૦૦થી ૩૦૦૦ વધારો થવાની ગણતરી છે અને તેથી તેને કારણે નકારાત્મક અસર થવાની સંભાવના

## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, બજેટ અગાઉના અઠવાડિયામાં તો સેન્સેક્ષ અને નિફ્ટી ઘટ્યા, બજેટને દિવસે પણ સવારે મોટા ઘટાડાની સંભાવના અને તે પછીના દિવસે રીકવરી અપેક્ષિત. બજેટ જાહેર થયા પછીના ટ્રેન્ડ અંગે હજી પણ અનિશ્ચિતતા ઘણી વધારે.
- **ટીસીએસ**, છેલ્લા થોડા દિવસોથી આ શેરમાં જોવાતું પ્રોફિટ બુકીંગ, અત્યારના રૂા. ૩૧૯૨ના ભાવે મધ્યમગાળાના ઈન્વેસ્ટમેન્ટની રીતે ભેગા કરતા જજો. અને કરેકશન પૂરું થતા રૂા. ૩૪૦૦ના ભાવની ગણતરી.
- **ભારતી એરટેલ**, રિલાયન્સ જીઓ અંગેનો ગભરાટ દૂર થયો અને હવે જીયોની સાથે સાથે આ કંપની પણ ૫-જીમાં દાખલ થવાની તૈયારીમાં, શેર રૂા. ૫૭૧ ઉપર અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૬૩૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ગ્રાસીમ**, હવે પેઈન્ટના જોરદાર બિઝનેસમાં દાખલ થશે. યાર્ન ડિવિઝનની નફાશક્તિ પણ સુંદર, રૂા. ૧૦૬૭ના ભાવે ધ્યાનમાં રાખવો, પેઈન્ટ્સના માર્કેટમાં જોરદાર ટોપલાઈન અને બોટમલાઈન મળવાની ગણતરી, રૂા. ૧૦૬૭થી વધીને રૂા. ૧૧૬૭ ક્યાં થઈ જશે તે પણ ખબર નહિ પડે.
- **તાતા મોટર્સ**, છેલ્લા અઠવાડિયા દરમ્યાન આ શેરમાં પ્રોફિટ બુકીંગ જોવાયું. માર્ચ મધ્યમાં પ્રિમિયમ ઈલેક્ટ્રીક કાર લોન્ચ થવાની સંભાવના અને ટેસ્લા સાથેનો કરાર પણ જાહેર થવાની જગ્યા. રૂા. ૨૬૭ના ભાવે શેર ધ્યાનમાં રાખવો અને તેમાં સુંદર ઉછાળાની ગણતરી.
- **હીરોમોટો કોર્પ**, ગ્રામ્ય ભારત માટે બજેટ સારું હશે અને તે પાછળ ગ્રામ્ય ભારતમાં જંગી મોટરસાઈકલનું વેચાણ ધરાવતી હીરોમોટો કોર્પને ફાયદો મળે, રૂા. ૩૩૯૭ના ભાવે ધ્યાનમાં રાખવો અને આગામી દિવસોમાં તેમાં સુંદર ઉછાળાની ગણતરી.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર માટે અને કિફાયતી હાઉસીંગ માટે જોગવાઈઓની ગણતરી, દેશની સૌથી મોટી સિમેન્ટ કંપની અલ્ટ્રાટેકને ફાયદો મળવાનો. રૂા. ૫૪૪૪ના ભાવે આ શેર ઉપર ફોકસ રાખવું અને તેમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, છેલ્લા થોડા દિવસોથી ઘટીને રૂા. ૧૩૪૫ ઉપર આવ્યો છે. એકંદરે લાર્સન માટે બજેટ સારું રહેવાની ગણતરી. રૂા. ૧૩૪૫ આસપાસના ભાવે થોડા થોડા શેરો ભેગા કરતા જવાય. મજબૂત વૃદ્ધિની ગણતરી.
- **એચડીએફસી લાઈફ**, પરિણામો સંતોષકારક આવ્યા અને હવે ઈન્સ્યોરન્સ સેક્ટર માટે સારા સમયની ગણતરી, રૂા. ૬૭૧ના ભાવે ધ્યાનમાં રખાય. ધીમા સુધારા સાથે રૂા. ૭૩૦ના ભાવની સંભાવના મજબૂત.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, છેલ્લા થોડા દિવસોના પ્રોફિટ બુકીંગ પછી રૂા. ૩૭૬ ઉપર આવી ગયો છે. નફો સારો આવવાની ગણતરી. સ્ટીલની માંગ જોરદાર, રૂા. ૩૭૬ આસપાસના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને તેમાં મજબૂત ઉછાળાની જગ્યા.
- **કોટક બેંક**, છેલ્લા થોડા દિવસોથી સતત ઘટ્યો છે અને અત્યારના રૂા. ૧૭૨૨ના ભાવે આ શેરમાં ઘટવાની સંભાવના નહિવત. થોડા મહિના પહેલા મોટી બેંકના ટેઈકઓવરની વાત ચગી હતી અને ફરી એક વખત કોઈક બેંકને ટેઈકઓવર કરશે તે ચર્ચાની સંભાવના મજબૂત. આ ભાવે ઘટવાની સંભાવના નહિવત.થોડાક શેરો બે મહિના માટે લઈને મૂકી શકાય.
- **શ્રી સિમેન્ટ**, દેશની ખૂબ જ કાર્યદક્ષ સિમેન્ટ કંપની અને બજેટની જોગવાઈઓનો ફાયદો મળે, રૂા. ૨૩૧૦૬ના ભાવે શેર આકર્ષક, જોખમ નહિવત, થોડાક શેરો આ ભાવે લઈને મૂકી શકાય.
- **ડિવીસ લેબોરેટરી**, બજેટમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ અંગે પ્રોત્સાહનોની સંભાવના અને ફાર્મા શેરોને ફાયદો મળે, રૂા. ૩૪૨૯વાળા ડિવિસ લેબમાં જોખમ નહિવત અને તેમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **ઇન્ડસઈન્ડ બેંક**, નવી ટ્રકો માટેના ધિરાણમાં ફાયદો થવાની ગણતરી. ટ્રકધિરાણમાં ઇન્ડસઈન્ડ ટોચનું નામ, રૂા. ૮૦૨વાળા આ શેર ઉપર ફોકસ રાખવું અને તેમાં સુંદર ઉછાળાની ગણતરી.
- **એચડીએફસી બેંક**, થોડા દિવસોથી નબળાઈ બતાવે છે. હજી નાના ઘટાડા પછી ટ્રેન્ડ તેજીતરફી થવાની ગણતરી. મુવમેન્ટ ઉપર ખાસ ધ્યાન રાખવું.
- **તાતા મોટર્સ ડીવીઆર,** તાતા મોટર્સના ત્રીજા ક્વાર્ટરના વેચાણના આંકડા જોરદાર, મુખ્ય શેર ઊંચકાય અને સાથે સાથે ડીવીઆર શેરમાં પણ આકર્ષણ, રૂા. ૯૬ના ભાવે ખોટો નથી અને તેમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **નોસીલ,** મફતલાલ ગ્રૂપની આ કંપની રબર કેમિકલ્સના ઉત્પાદનમાં એશિયાના ટોચના સ્થાન ઉપર, શેર અત્યારે રૂા. ૧૫૧ ઉપર મળી રહ્યો છે. રબર કેમિકલ્સની માંગમાં હવે મોટી વૃદ્ધિ, અત્યારના ૩૪.૫૬ના પીઈરેશિયો ઉપર આ શેરમાં વૃદ્ધિની ગણતરી. નજીકના દિવસોમાં જ રૂા. ૧૭૦-૧૮૦ના ભાવની સંભાવના.
- **મિશ્રધાતુ નીગમ,** મિધાનીના નામથી ઓળખાતા આ શેરમાં રૂા. ૧૩૫ના લેવલથી વધીને રૂા. ૨૦૬નો ભાવ જોવાયો. સ્ટીલ ઉદ્યોગ અને અન્ય ઉત્પાદનો સાથે સંકળાયેલું ભાવિ અને ધાતુઓમાં અત્યારે સુંદર તેજી, વેલ્યૂએશન સુધરે, આ ભાવે પણ થોડાક શેર લઈને મૂકી દેવાય,. ધીરે ધીરે રૂા. ૨૩૬ના ભાવની ગણતરી.
- **ભારત ફોર્જ,** આ શેર પકડી લેવાની વાત કરી હતી. વધીને રૂા. ૨૬૦ ઉપર આવ્યો છે. હજી થોડા દિવસ માટે રોકાણ જાળવી શકાય. ઓટોમોબાઈલ સેક્ટરની તેજી પાછળ ભારત ફોર્જના કાસ્ટિંગ અને ફોર્જિંગની માંગ ઊંચકાઈ, નફો સારો આવે, ભાવ વધવાની જગ્યા.
- **ઇન્ડિયન ઓઈલ,** આ સરકારી શેરમાં હજી સુધી વેલ્યૂએશન એકદમ મફત, બુકવેલ્યૂ કરતા પણ અત્યારનો રૂા. ૧૦૨નો ભાવ નીચો ચાલે છે. ક્રૂડમાં હવે ધીરે ધીરે સુધારાનો ટ્રેન્ડ, અને અનલોકડાઉન પછી પેટ્રોલ અને ડિઝલની માંગમાં પણ વૃદ્ધિ, રૂા. ૧૦૨ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય. રીરેટીંગ સાથે રૂા. ૧૩૦ના ભાવની સંભાવના મજબૂત.



## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?




**ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂા. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂા. ૨૯૫-૨૫ = રૂા. ૨૭૦**


**ઓનલાઇન ખરીદો GyanPothi.com**

## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો



**ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂા. ૧૫ ડિસ્કાઉન્ટ રૂા. ૧૨૦-૧૫ = રૂા. ૧૦૫**

## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર




**આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.**

**બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.**

**આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂા. ૭૯૯ રૂા. ૭૫૦**

**ઓનલાઇન ખરીદો GyanPothi.com**

**GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે**

**પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે**


## REDEX PROTECH LIMITED

CIN - L31100GJ1991PLC016557

Corporate Office : Parshwanath Business Park,Near Prahladnagar Garden,Satellite, Ahmedabad

PH: 079-29700120

**EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTH ENDED ON 31.12.2020**

(Rs. in Lacs)

| Sr. no | PARTICULARS | Quarter ended on 31st December, 2020 | For the nine month ended on 31st December, 2020 | Corresponding 3 Months Ended on 31st December, 2019 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 8.18 | 18.86 | 8.34 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | -1.44 | -5.51 | 1.83 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | -1.44 | -5.51 | 1.83 |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | -1.39 | -5.25 | 1.91 |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/(loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | -1.39 | -5.25 | 1.91 |
| 6 | Equity Share Capital | 672.12 | 672.12 | 672.12 |
| 7 | Reserves ( excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year | | | |
| 8 | Earnings Per Share ( of Rs. 10 / - each ) (for continuing and discontinued operations) | | | |
| | Basic : | -0.02 | -0.08 | 0.03 |
| | Diluted : | -0.02 | -0.08 | 0.03 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.redexprotech.com)
2. The result of the Quarter ended on 31st December, 2020 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 29th January, 2021.

By Order of the Board of Directors
For, Redex Protech Limited
SD/-
Mr. Gnanesh Bhagat
Managing Director
DIN - 00115076

Place : Ahmedabad
Date : 29/01/2021